ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૭-૧૦-૨૦૨૧, બુધવાર



હિંમતનગર | મોડાસા | બાયડ | ભીલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

## ઉત્તર ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય, ૪૬ વર્ષ પછી સૌથી લાંબુ ચોમાસુ

### લાંબુ ચોમાસુ છતાં ભરશિયાળે નદીઓ કોરી ધાક્કોર

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬

રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાંથી નૈઋત્યના ચોમાસાની હવે વિદાઈ થઈ ગઈ છે છતાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસતાં ખેતી પાકને નુકસાનના અહેવાલ છે. હવામાન વિભાગનું માનીએ તો ૪૬ વર્ષ પછી સૌથી લાંબુ ચોમાસુ જોવા મળ્યું. જોકે ઉત્તર ગુજરાત લાંબા ચોમાસામાં પણ કમનસીબ પુરવાર થયુ કારણ કે ભરશિયાળે નદીઓ કોરી ધાક્કોર છે અને જળાશયોમાં માંડ ૫૦ ટકા પાણીનો સરેરાશ જથ્થો રહ્યો છે.

ચોમાસાએ અનેકને પાયમલ કર્યા અને અનેક ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. ઉત્તર ગુજરાતમાં આ વર્ષે ગતવર્ષની સરખામણીએ નબળા ચોમાસાની આહટ સાંભળવા મળી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણામાં ગતવર્ષની સરખામણીએ સરેરાહ ૩૦ થી ૩૫ ટકા ઓછા વરસાદના કારણે ભૂગર્ભ જળસ્રોતને ગંભીર અસર પહોંચી છે. જ્યારે શિયાળુ ખેતી માટે તમામ જળાશયોમાંથી પુરતા પાણી મળવાની સંભાવના બહુ ઓછી છે.

જેથી રવી વાવેતરમાં ૫૦ ટકાથી વધુ ઘટાડાની સંભાવનાથી અન્નખાદ્ય વધવાની સાથે મોંઘવારી વધુ ચરમસીમાએ તે દહેશત અસ્થાને નથી. દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ વિદાય થયું છે તેવી હવામાન વિભાગે જાણકારી આપી છે. ૨૫ ઑક્ટોબરે ચોમાસાની વિદાયથી એ ફલિત થયું કે વર્ષ-૧૯૭૫ પછી ચોમાસાની સૌથી મોડી વિદાય અને ૪૬ વર્ષ પછી સૌથી વધુ લાંબુ ચોમાસુ અનુભવાયું. હવામાન વિભાગના આંકડા કેટલાંક વિસ્તારો માટે ચોંકાવનારા સાબિત થઈ શકે છે.

## દિવાળીમાં લાંચીયા સરકારી બાબુઓનું આવી બન્યું

## સાબરકાંઠા-અરવલ્લીમાં દિવાળી સમયે મીઠાઈના બોક્સ સાથે ખિસાં ભરતાં સરકારી બાબુઓ પર એ.સી.બી.ની વોચ

### કેટલાંક સરકારી બાબુઓએ નવરાત્રીમાં નવા લક્ઝુરીઅશ વાહન છોડાવ્યા, ૧૨ અધિકારીઓ રડારમાં..!

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬

ગુજરાતમાં ભ્રષ્ટ્રાચારનું પ્રમાણ ઘટાડવા એક્શનમાં આવ્યું છે દિવાળીમાં મોટાપાયે લાંચિયા અધિકારી-કર્મચારીઓ એ.સી.બી.ના સકંજામાં આવી શકે છે. સાબરકાંઠા-અરવલ્લીમાં દિવાળી સમયે કોન્ટ્રાકટરો, વચેટીયા અને ખાસ દલાલો પાસેથી મીઠાઈના બોક્સ સાથે ખિસાં ભરતા સરકારી બાબુઓ પર એ.સી.બી.ની વોચ છે. કેટલાંક સરકારી બાબુઓએ નવરાત્રીમાં નવા લક્ઝુરીઅશ વાહનો છોડાવીને હજુ પણ પાર્સિંગ કરાવ્યું નથી. જિલ્લાના માર્ગ અને મકાન, મહેસુલ, સિંચાઈ તથા જમીન માપની વિભાગના ૧૨ અધિકારીઓ રડારમાં હોવાની લોકચર્ચા છે.

રાજ્યમાં છેલ્લા કેટલાંય સમયથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટ્રાચારનું પ્રમાણ અનેકગણું વધ્યું છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, ભિલોડા, મોડાસા, ધનસુરાના કેટલાંક કોન્ટ્રાકટરો પોતાના ખોટા કામો પાસ કરાવી અધિકારીઓને વિદેશ પ્રવાસની સાથે પરીવારના સંતાનો માટે દ્વિચક્રી વાહનની ભેટ આપી રહ્યા છે. કેટલાંક ભ્રષ્ટ કોન્ટ્રાકટરોએ સોનાની લગડી આપીને પોતાનું ૩૫ લાખથી વધુનુ બીલ તાબડતોબ પાસ કરાવ્યું છે. એવી રીતે જિલ્લાના વિકાસના કામો કરતાં ભ્રષ્ટ્રાચારનો વિકાસ સૌથી વધુ ગતિએ થઈ રહ્યો છે ત્યારે મોડે મોડે પણ રાજ્ય સરકારે ભ્રષ્ટ્રાચારને દેશવટો આપવાનો અંદરખાનો નિર્ણય લઈનો એ.સી.બી.ને વધુ સક્રીય કર્યાના અહેવાલ છે.

દરેક સરકારી કચેરીઓમાં કોઈ અધિકારી લાંચ માંગે તો સંપર્ક કરવાના બોર્ડ લગાવવા ફરજીયાત છતાંય છેલ્લા કેટલાંક સમયથી આવા બોર્ડ ગાયબ થયા છે.

જાણવા મળ્યા મુજબ જિલ્લાના ૨ ભ્રષ્ટ અધિકારીઓએ કડવા ચોથના દિવસે પત્ની પાસે હાજર રહેવાનો બદલે ભ્રષ્ટ કોન્ટ્રાકટરો સાથે રાત્રિ સુધી મુલાકાત કરી મોટો ભ્રષ્ટ્રાચાર આદર્યાની ગરમા-ગરમ ચર્ચાઓ જિલ્લા મથકે સાંભળવા મળી રહી છે પરંતુ હવે લાગે છે કે ભ્રષ્ટ સરકારી બાબુઓના બુરે દિનની શરૂઆત થઈ રહી છે. જિલ્લાની સરકારી કચેરીઓમાં દિવાળીની ભેટ લેતા સરકારી બાબુઓ પર એ.સી.બી.ની વિશિષ્ટ નજર રહેશે. જોકે ભ્રષ્ટ્રાચારમાં માહેર સરકારી બાબુઓ એ.સી.બી. સક્રીય થયાનું જાણ્યા પછી કચેરી નહિ પરંતુ હાઈવે માર્ગો, સી.સી.ટી.વી. કેમેરા ન હોય તેવી હોટલ-ઢાબા સ્થળે પોતાના મળતીયા કોન્ટ્રાકટરોને બોલાવી ભ્રષ્ટ્રાચાર આદરશે ત્યારે એ.સી.બી.એ અત્ર-તત્ર-સર્વત્ર વોચ ગોઠવવી જોઈએ.

## જિલ્લાના શહેરી વિસ્તારોમાં ખરીદીના માહોલમાં ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ

### બજારોમાં આડેધડ વાહન પાર્કિંગથી સમસ્યા જટીલ

બાયડ, તા. ૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શહેરી વિસ્તારોમાં દિવાળીની ખરીદીના માહોલમાં ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ છે. બજારોમાં આડેધડ વાહન પાર્કીંગથી સમસ્યા વધુ જટીલ બની છે. ટ્રાફીક નિયમન માટે પોલીસ તેમજ ટી.આર.બી.ના જવાનો માત્ર સર્કલ ઉપર વ્યવસ્થા સંભાળી રહ્યા છે પરંતુ મુખ્ય બજારોમાં ટ્રાફીક સમસ્યા શીરદર્દ સમાન બની છે.

જિલ્લામાં ટ્રાફીકની સમસ્યા કાયમી માટે ઘર કરી ગઈ હોય તેવી સ્થિતિ શહેરી વિસ્તારોમાં જોવા મળી રહી છે. મોડાસા, હિંમતનગર, ખેડબ્રહ્મા, તલોદ અને પ્રાંતિજ સહિતના શહેરી વિસ્તારોમાં ટ્રાફીક નિયમન માટે ચોક્કસ પોઈન્ટ ઉપર ટ્રાફીક બ્રિગેડ તેમજ પોલીસ દ્વારા અરસપરસ પસાર થતા વાહનોનું નિયમન કરવામાં આવે છે છતાં તહેવારો સમયે સમસ્યા વધુ વિકરાળ બનતી હોય છે.

હાલના સમયે શહેરી વિસ્તારના બજારોમાં દિવાળીની ખરીદી માટે ગ્રાહકોની ભીડ ઉમટી રહી છે. દુકાનો આગળ મરજી મુજબ વાહનો પાર્ક થતાં હોવાના કારણે શહેરી વિસ્તારના મુખ્ય બજારમાં પગપાળા પસાર થવું હોય તો પણ મુશ્કેલી પડે તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. માત્ર સર્કલ તેમજ કાયમી ગોઠવેલા પોઈન્ટ ઉપર દેખાડારૂપ ટ્રાફીક વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે જેના કારણે બજારોમાં સ્થિતિ વધુ વણસી છે. છેલ્લા ૩ દિવસથી શહેરી વિસ્તારોના બજારોમાં ગ્રાહકોની અવરજવર વધી છે પરંતુ દુકાનો આગળ વાહન પાર્કીંગની સુવિધા જ ન હોવાથી જ્યાં જગ્યા મળી ત્યાં વાહનો પાર્ક કરાતાં હોવાના કારણે શહેરી વિસ્તારોમાં તહેવારો સમયે જ ટ્રાફીક વ્યવસ્થાપન ખોરવાયું છે તેમાંય મોડાસા અનો હિંમતનગરના મુખ્ય બજારોમાં ટ્રાફીક વ્યવસ્થાનું સુચારૂ રૂપ આયોજન થાય તેવી કોઈ વ્યવસ્થા જ તહેવારોને અનુલક્ષી ગોઠવવામાં આવી ન હોવાથી ટ્રાફીકજામના દશ્યો બજારોમાં જોવા મળી રહ્યા છે.

## સબલપુર રૂરલ પોલીસ સ્ટેશન ખાતે મહિલા લક્ષી કાયદા અને યોજનાની જાણકારી અંગે શિબિર સંમેલન

મોડાસા તા.૨૬

અરવલ્લી મોડાસાના સબલપુર રૂરલ પોલીસ સ્ટેશન ખાતે મોડાસા પોલીસ સ્ટેશન બેઝ્ડ પ્રચાર થઈ શકે. પી.બી.એસ.સી કાઉન્સેલર પ્રેમીલાબેન કે ઢુસા ધ્વારા મહિલાલક્ષી કાયદાઓ તેમજ પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત ડી.આઈ.આર વિષે રક્ષણ, રહેઠાણ, ભરણપોષણ, બાળકની કસ્ટડી (કબજાનો હુકમ) અને



સપોર્ટ સેન્ટર ધ્વારા આઝાદીકા અમૃત મહોત્સવ કાર્યક્રમ અનુસંધાને મહિલા બાળ અધિકારી શ્રી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી સાહેબના માર્ગદર્શન હેઠળ મહિલાલક્ષી કાયદા અને યોજનાની જાણકારી અંગે શિબિર યોજાયું.

જેમાં મહિલાલક્ષી યોજનાઓનો વધુમાં વધુ પ્રસાર સેન્ટર કામગીરી વિષે માહીતી આપવામાં આવી. તેમજ પેમ્પલટ વિતરણ કરેલ.૧૮૧ કાઉન્સેલર ચેતનાબેન ચોંધરી ધ્વારા ૧૮૧ અભયમ હેલ્પલાઈન વિષે તેમજ એપ્લીકેશન તેમજ સખી વન સ્ટોપ સેન્ટર વિશે માહીતી આપેલ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી શ્રી મેધાબેન ગોસ્વામી ધ્વારા અસર ગ્રસ્ત મહિલાઓને ધરેલું હિંસા વળતરનો હુકમ તેમજ વચગાળાનો હુકમ વિશે માહિતી પૂરી પાડવામાં આવેલ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તક ચાલતી વ્હાલી દીકરી યોજના,ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમાજ સ્વા-લંબન યોજનાની અને સમાજસુરક્ષાની તમામ યોજનાની માહિતી પુરી પાડવામાં આવી હતી.

## ગ્રામ્ય વિસ્તારમાં પાયાની જરૂરીયાતને પ્રાથમિકતા અપાય : સાસંદ દિપસિંહ રાઠોડ

### ડ્રિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિની બેઠક

બાયડ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા ડ્રિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિ(દિશા)ની બેઠક સાસંદ શ્રી દિપસિંહ રાઠોડની અધ્યક્ષતા તથા રાજયસભાના પાયાની જરૂરીયાતોને પ્રાથમિકતા અપાય તે જરૂરી છે. વધુમાં તેમણે સરકાર દ્વારા વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ઉપયોગ સબંધિત હેતુ માટે થાય તે જરૂરી છે. ચર્ચા તથા લાભાર્થીઓને થયેલા લાભ અને બાકી રહેતા લોકોને ઝડપથી લાભ મળે તે દિશામાં કામગીરી કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી




સાસંદ શ્રીમતી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં હિંમતનગરના સર્કિટ હાઉસ ખાતે યોજાઈ હતી. બેઠકમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ ગામડાના છેવાડાના લોકો સુધી મળી રહે તે દિશામાં આયોજન કરી

દિશાની બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન પ્રોજેકટ, જિલ્લા જળ સ્વચ્છતા એકમ, આરોગ્ય, કૃષિ, શિક્ષણ,સિંચાઈ, પશુપાલન, રોજગાર, વીજ,પુરવઠા, માર્ગમકાન, શહેરી વિકાસ સહિતના વિભાગોની યોજનાની હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી આર.એમ.ડામોર, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીઓ, નગરપાલિકાઓના પ્રમુખશ્રીઓ સહિત વિવિધ પદાધિકારીઓ અને સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરમાં તહેનાત કોન્સ્ટેબલની ધરપકડ

### કારમાં દારૂની હેરાફેરી કરતો પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો : લોક રક્ષક દળનો કોન્સ્ટેબલ બૂટલેગિંગ કરતા ઝડપાયો હતો, ભિલોડા પોલીસે કોન્સ્ટેબલની ધરપકડ કરી હતી

પાલનપુર,તા.૨૬

સાબરકાંઠાના હિંમતનગરમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તહેનાત લોક રક્ષક દળ કોન્સ્ટેબલની રવિવારે રાતે અરવલ્લી જિલ્લાની ભિલોડા પોલીસે બૂટલેગિંગના આરોપમાં ધરપકડ કરી હતી. પોલીસે એલઆરડી કોન્સ્ટેબલ અતુલ પટેલની ધરપકડ કરી હતી જ્યારે તેનો સાથી, લિસ્ટેડ બુટલેગર મયુર ડામોર તેના મલ્ટી-યુટિલિટી વ્હીકલને મૂકીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ભિલોડા પોલીસના જણાવ્યા પ્રમાણે, અતુલ પટેલ તેના સાથી મયુર ડામોર સાથે મળીને બુટલેગિંગનો ધંધો કરતો હતો. 'તેઓ જ્યારે એમયુવીમાં દારૂની હેરાફેરી કરી રહ્યા હતા ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી.

બુટલેગર સાથે પોલીસ કોન્સ્ટેબલને જોવો તે એક આશ્ચર્યજનક હતું', તેમ ભિલોડા પોલીસ ઈન્સપેક્ટર મનિષ વસાવાએ જણાવ્યું હતું. મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરતા પોલીસે ધનસુર ગામ નજીક રોડ કોર્ડન કરી લીધો હતો અને પસાર થતાં દરેક વાહનોની તપાસ કરવામાં આવી રહી છે. આ સમયે અતુલ પટેલ અને મયુર ડામોર એમયુવીમાં આવ્યા હતા. તપાસ કરતા પોલીસને ૪૬ હજાર રૂપિયાની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે અતુલ પટેલને ઝડપી પાડ્યો હતો જ્યારે મયુર ડામોર કે જે કાર ચલાવી રહ્યો હતો તે ભાગી જવામાં સફળ રહ્યો હતો. અતુલ પટેલ, મયુર ડામોર અને સાબરકાંઠાના વિજયનગર તાલુકાના અન્ય એક બુટલેગર જુલો કતારિયા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

## વિધાનસભા ચુંટણીનો ધમધમાટ - સાબરકાંઠા, અરવલ્લી ધર્મસ્થાન બેઠકો ઉપર કોંગ્રેસનો દબદબો

### ભાજપ દ્વારા ભિલોડા, ખેડબ્રહ્મા બેઠક કબજે કરવા માઈક્રો પ્લાનિંગ

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લીમાં મુખ્ય ધર્મસ્થાનમાં આવતી ભિલોડા, ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક ઉપર વર્ષોથી કોંગ્રેસનો દબદબો રહ્યો છે. જોગાનુંજોગ આ બંન્ને બેઠક આદિવાસી અનામત કેટેગરીમાં સમાવિષ્ટ થયેલી છે ત્યારે આ બંન્ને બેઠકો કબજે કરવા ભા.જ.પ. દ્વારા માઈક્રો પ્લાનિંગ થયાનું વિશ્વસનીય સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ભિલોડા બેઠક ઉપર ભા.જ.પ. દ્વારા અધિકારીઓ સહિત કલાકારોને મેદાનમાં ઉતારવાના પ્રયાસ પછી ધારી સફળતા મળી નથી પરંતુ ભાજપે રાજ્યસભાના સાંસદ તરીકે રમીલાબેન બારાને પસંદ કરી આદિવાસી મતબેંક ઉપર પ્રભુત્વ વધારવાનો પ્રયાસ જરૂર કર્યો છે.

સમગ્ર ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિધાનસભા ચૂંટણી દરમ્યાન જે પક્ષની હવા બને છે તે પક્ષ રાજ્યમાં સત્તા મેળવે છે. પરંતુ કેટલાય વર્ષોથી અખંડ સાબરકાંઠાના અને હાલના અરવલ્લીના યાત્રાધામ શામળાજી તેમજ સાબરકાંઠાના યાત્રાધામ ખેડબ્રહ્મામાં ભા.જ.પ. ક્યારેય ફાવ્યું હોય તેવી સ્થિતિ નથી. પેટા ચૂંટણીમાં એકવાર ભા.જ.પ.એ મેદાન માર્યું છે ત્યારબાદ ખેડબ્રહ્મા અને ભિલોડા બેઠક ઉપર સતત કોંગ્રેસના ઉમેદવારો વિજયી બન્યા છે. ભિલોડા અને ખેડબ્રહ્મા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારો નક્કી છે. બંન્ને ધારાસભ્યોને રીપીટ કરીને કોંગ્રેસ મેદાનમાં ઉતારશે ત્યારે ભા.જ.પ. દ્વારા આદિવાસી મતો અંકે કરી આ બંન્ને બેઠકો કોઈપણ ભોગે જીતવા માટે કમર કસી છે. ટૂંકમાં ધર્મસ્થાન બેઠકો ઉપર કોંગ્રેસનો દબદબો આગામી ચૂંટણીમાં ઓસરશે કે પછી ભા.જ.પ. ફરીથી રણનીતિમાં આ બંન્ને બેઠકો જીતવામાં માર ખાઈ જશે..!!

## આંધ્રપ્રદેશ નેવી જાસૂસી કાંડમાં ગોધરાની વ્યક્તિની ધરપકડ

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમના બહુચર્ચિત નેવી જાસૂસી કાંડમાં આંધ્ર પ્રદેશ ઈન્ટેલિજન્સ સેલની ટીમ ગુજરાતના તપાસ કરી રહી છે. જાસુસી કાંડમાં ફરી એકવાર ગોધરા કનેક્શન સામે આવ્યું છે. જેથી જાસુસી કાંડની તપાસ માટે આંધ્ર ઈન્ટેલિજન્સ સેલના અધિકારીઓએ ગોધરામાં ધામા નાંખ્યાં છે. આંધ્રના અધિકારીઓ ગોધરામાં દરોડા પાડી સમગ્ર મામલાની તપાસ કરી રહ્યાં છે. આંધ્રની ટીમે સ્થાનિક એસઓજી, એલસીબી સહિત સ્થાનિક પોલીસને સાથે રાખીને ગોધરાના પોલનબજાર, ચેતનદાસ પ્લોટ સહિતના અલગ અલગ ૬ વિસ્તારોમાં રવિવારની રાત્રે છાપા માર્યા હતા. ટીમે એક મહિલા સહિત ૫ કરતા વધુ શંકમંદોની પૂછપરછ કરી હતી. આંધ્ર ની તપાસ એજન્સી એ પૂછપરછ દરમિયાન ગોધરાના મોહંમદી મહોલ્લામાં રહેતા અલ્તાફ હુસેન ઘાંચીભાઈની ધરપકડ કરી છે.

**શ્રી પી.સી. પટેલ (GAS) સબડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી ધનસુરાની કોર્ટમાં**

નં.પી.ઓ.એલ./જન્મમરણ/કેસનં :- ૫૭/૨૦૨૧ તારીખ : ૨૦/૧૦/૨૦૨૧

(૧) **શાહ ભરતકુમાર ચંદુલાલ** ...... **અરજદાર**
રહે. સી-૩૦૧/સરલ હાઈટસ, કારગીર પેટ્રોલ પંપ પાસે સોલા, અમદાવાદ

વિરૂદ્ધ

(૨) **રજીસ્ટ્રાર શ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી-કમ-મંત્રીશ્રી**
ધનસુરા ગૃપ ગ્રામ પંચાયત, તા.ધનસુરા જિ.અરવલ્લી ....... સામાવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે વિલંબથી જન્મ નોંધણી કરવા બાબત.**

મહાશય

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રી એ તા.૧૨/૧૦/૨૦૨૧ની અરજીથી તેઓના નામે ભરતકુમાર ચંદુલાલ શાહની જન્મ તારીખ.૦૨/૧૦/૧૯૫૭ના રોજ ધનસુરા મુકામે થયેલ હોય જે બાબતની નોંધણી કરી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલી હોઈ તેઓએ જાહેર નોટીના પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહિ આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજે તા.૨૦/૧૦/૨૦૨૧ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટીસ ઈસ્યું કરી.

**સબડિવિઝન મેજીસ્ટ્રેટ, ધનસુરા**

## ગ્રેડ પે નો મામલો – સાબરકાંઠા-અરવલ્લીના પોલીસ કર્મીઓમાં પણ વિસંગતતાના કારણે છૂપો રોષ

### ઓછા પગારના કારણે અનેક પોલીસકર્મીઓ ગુન્હાખોરીના રવાડે ચડ્યા..!

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૬

ગ્રેડ પેના મામલે કોન્સ્ટેબલ હાર્દિક પંડયા વિધાનસભાના પગથીયા ઉપર ઉપવાસ પર બેસી જતાં સમગ્ર પોલિસ આલમમાં હલચલ મચી ગઈ. અનેક પોલિસ અધિકારીઓએ અંદર ખાને હિંમતને બિરદાવી હશે ભલે જાહેરમાં સરકારની સૂચના પછી અટકાયતનો દેખાડો કરવો પડ્યો હોય. પોલિસ કર્મીઓનું મોટા પાયે શોષણ થઈ રહ્યું છે પરંતુ ખુલીને અવાજ સામે આવતો ન હતો. સાબરકાંઠા-અરવલ્લીના પોલિસકર્મીઓના ગ્રેડ પેની વિસંગતતા મુદ્દે રોષ છે. ઓછા પગારના કારણે પોલિસ કર્મીઓ માટે પરીવારનું જીવનનિર્વાહ કરવો અઘરો છે. જેથી પોલિસ કર્મીઓ પૈસા કમાવી લેવાના શોર્ટકટનો ઉપયોગ કરી ગુન્હાખોરીના રવાડે ચર્યાની ચર્ચાઓ પણ સાંભળવા મળી છે.

ગુજરાતમાં દરેક વિભાગના કર્મચારીઓ ગ્રેડ પે અને ઓછા મહેતાણા મુદ્દે ઓછા-વત્તા અંશે નારાજ છે. તલાટી-કમ-મંત્રી, પ્રા.શિક્ષક, મા.શિક્ષક, ઉ.મા.શિક્ષક, આરોગ્ય કર્મચારીઓ, એસટી કર્મચારીઓ સહિતના મોટાભાગના વિભાગોના કર્મચારીઓમાં નારાજગીનો સૂર જગજાહેર જોવા મળ્યો છે. ત્યારે બાપુનગર પોલિસ સ્ટેશનના કર્મચારી હાર્દિક પંડ્યાએ ગ્રેડ પે મુદ્દે વિભાનસભા ગૃહ આગળ પલોઠી વાળીને બેસી જતાં સોશ્યલ મીડિયામાં ફોટા વાયરલ થયા અને સમગ્ર પોલિસતંત્ર અને સરકાર હરકતમાં આવી ગઈ હતી. ભલે પોલિસકર્મીઓએ હાર્દિક પંડ્યાનું સમર્થન ન કર્યું પરંતુ રાતોરાત પોલિસ કર્મચારીઓ અને પરીવારનો તે હીરો બની ગયો. ઓછા પગારમાં વધતી મોંઘવારીમાં પોલિસ કર્મીઓનું ભરણપોષણ મુશ્કેલ બન્યું છે. જેથી પોતાના ઘરના ખર્ચાઓ પુરા કરવા ખાખી વર્દી અન્ય શોર્ટકટ માર્ગ અપનાવતી હોય છે. સાબરકાંઠા-અરવલ્લીમાં કેટલાંક પોલિસ કર્મીઓ દારૂનો વેપલો અને દારૂ સંતાડવાના ગુન્હામાં પોલિસ દફતર ઉપર આરોપી બની ગયા છે. જોકે આ તમામ બાબતો ક્યારે સાંખી ન લેવાય તે પ્રકારની છે પરંતુ પોલિસકર્મીઓના ગ્રેડ પેની વિસંગતતા દૂર કરવી જોઈએ અને તેમના પરીવારનું યોગ્ય રીતે લાલનપાલન થાય તેટલા પગાર આપવા જોઈએ એવો સાર્વત્રિક સૂર સામે આવ્યો છે.